# અરવલ્લી જિલ્લા પંચાયતના પદાધિકારી અને તેના દિકરાના ઉઘરાણાંની ગૂંજ ગાંધીનગરના કમલમ્ સુધી પહોંચી

## માસ્ટર માઈન્ડમાં પિન્ટુનું નવું નામ ઉમેરાયું

હિંમતનગર તા.૧૬ ભાજપ શાસિત અરવલ્લી જિલ્લા પંચાયતના પદાધિકારી અને તેના દિકરાના ઉઘરાણાંની ગૂંજ ગાંધીનગરના કમલમ્ સુધી પહોંચતાં આગામી બે મહિનામાં કંઈક નવા-જૂનીના સંકેત આકાર લઈ શકે છે. જ્યારે ઉઘરાણાં કેવી રીતે કરવા, કયા અધિકારીને ક્યાં સાણસામાં લેવો, તેના માસ્ટરમાઈન્ડમાં પિન્ટુ નામના ઈસમનું નામ ઉમેરાતાં હવે વિરોધીઓ ઘેલમાં આવી ગયાની ગરમાગરમ લોકચર્ચા અરવલ્લીની ગીરીકંદરાઓમાં અફળાઈ રહી છે.

મળેલી વિગતો અનુસાર અરવલ્લી જિલ્લા પંચાયતમાં ભાજપને સંપૂર્ણ બહુમતી સાથે શાસન મળતાં કહેવાય છે કે કેટલાંક પદાધિકારીઓ પ્રજા અને અધિકારીઓને પોતાની જાગીરી સમજી તતડાવાની સાથે પોતે આજીવન જિલ્લાનો કિંગ હોવાનો દંભ શરૂ કર્યો છે. દંભ સત્તાનો હોય તે સ્વભાવિક છે પરંતુ સત્તા કાયમી નથી આખરે પ્રજા વચ્ચે રહેવાનું છે તે કડવી વાસ્તવિકતા ભાજપના પદાધિકારીઓ અને આગેવાનોએ ઝડપથી સમજી લેવાની જરૂર છે. ભાજપ દ્વારા માઈક્રો ડોનેશન કાર્યકરો પાસેથી કોઈપણ પ્રકારના દબાણ વગર લેવામાં આવે છે અને પક્ષ સાથે જોડાયેલાં હોય તો આપવું પણ જોઈએ. અરવલ્લી જિલ્લા પંચાયતમાં પદાધિકારી અને તેનો દિકરો ઉઘરાણાં કરતાં હોવાની લોકચર્ચા જામી છે. ગાંધીનગર સમાચાર તેને પૂષ્ટિ આપતું નથી પરંતુ લોકચર્ચાને પ્રજા સુધી પહોંચાઢવાનો પ્રયાસ થયો છે. પદાધિકારીનો દિકરો અને તેનો મળતિયો અધિકારીઓ પાસે જાય છે અને તમે કેટલું ઉઘરાણું કરો છો..? જે ઉઘરાણું કરતા હોય તેમાં વધારે ઉઘરાણું કરજો અને અમને પહોંચાડજો તેવું લાજશરમ વગર માંગી રહ્યા છે. પ્રજા પણ હવે ખુલ્લેઆમ બોલી રહી છે કે ભાજપના શાસનમાં ભ્રષ્ટ્રાચાર અંકુશમાં આવવાની વાત માત્ર ખોખલી સાબિત થઈ છે. વાડ ચીભડાં ગળતી હોય ત્યાં ફરીયાદ કોણે કરવી? લોકચર્ચા તો એવી છે કે પદાધિકારીના દિકરા અને તેના સાગરિત પિન્ટુના મોબાઈલની પાછલા ચાર મહિનાની કોલ ડિટેઈલ્સ ભાજપની પ્રદેશ નેતાગીરી દ્વારા નિકાળવામાં આવે તો કેટલા અધિકારી પાસેથી કેટલી રકમ ખંખેરી? તેની અનેક સ્ફોટક વિગતો સામે આવી શકે છે.

### ગમે તે ઘડીએ જિલ્લા ભાજપના આગેવાનોને પ્રદેશનું તેડું

ભાજપ શાસિત અરવલ્લી જિલ્લા પંચાયતમાં ઉઘરાણાંનો ખેલ શરૂ થયાની લોકચર્ચાથી ભાજપની છબીને નુકસાન પહોંચવાની સાથે જિલ્લા પંચાયત પ્રમુખ સભ્યો સાથે સારૂં વર્તન કરતા ન હોવાની પણ ફરીયાદ ઉઠી છે. આ સંજોગોમાં સભ્યોની નારાજગી મોટું નુકસાન નોંતરે તેવી દહેશત છે તે જોતાં જિલ્લા ભાજપના આગેવાનોને ગમે તે ઘડીએ પ્રદેશનું તેડું આવે તેવી સંભાવના જોવાઈ રહી છે.

# પાણીના અભાવથી વાવેતર ઘટવાની આશંકા..!!

### સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉનાળુ ખેતીનો આરંભ કરતા ખેડૂતો : સિંચાઈનાં પાણી મૂકવાની શરૂઆત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શિયાળાની વિદાય અનિશ્ચિત બની છે ત્યારે જિલ્લાના કેટલાક ખેડૂતોએ ઉનાળુ ખેતીનો આરંભ કર્યો હોય તેમ સિંચાઈનાં પાણી મૂકી વાવેતરની શરૂઆત કર્યાનું જોવા મળી રહ્યું છે. નબળુ ચોમાસુ તેમજ જળસ્ત્રોત ઉંડા ઉતર્યા હોવાના કારણે આ વર્ષે જિલ્લામાં ઉનાળુ વાવેતર ઘટવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.

નબળા ચોમાસાની વિદાય આખાય વર્ષની ચિંતા ઉપાધી પાછળ છોડીને ગયું છે. જિલ્લામાં ચોમાસા દરમ્યાન સરેરાશ ૬૫ ટકા વરસાદ વરસ્યો હતો જેના કારણે ચોમાસુ અને શિયાળુ પાક અપેક્ષા મુજબ ખેડૂતો લઈ શક્યા હતા. જિલ્લાની ૧૦ મોટી જળાશય યોજનાઓ તેમજ ૯૨ જેટલી નાની જળાશય યોજનાઓ મારફતે ખેડુતોએ આરક્ષિત જથ્થા કરતાં વધુ પાણી હોવાના કારણે સિંચાઈનો લાભ લીધો હતો જેના કારણે જિલ્લામાં ૨,૯૬,૦૦૦ હેક્ટરથી પણ વધુ જમીનમાં ઘઉં, બટાટા, વરીયાળી, જીરૂ, રાયડા સહિતના પાકનું વાવેતર થયું હતું. પરંતુ શિયાળાના મધ્યાંતરે જિલ્લાના મોટા ભાગના જળાશયોમાં ભયજનક રીતે જળસ્ત્રોત ઘટી ગયો હતો. અસંખ્ય તળાવોમાંથી પાણી સૂકાયાં હતાં. જ્યારે બોર-કૂવામાં પણ જળસ્ત્રોત ઉંડા ઉતરી જતાં ખાસ કરીને ખેડૂતોની ચિંતામાં વધારો થઈ ગયો છે. જિલ્લામાં ક્યારેક ગરમી અને ક્યારેક ઠંડીનો અહેસાસ વર્તાઈ રહ્યો છે. જેથી ખેડુતોએ ઉનાળો બેસ્યો છે તેમ માની ઉનાળુ ખેતીના વાવેતર માટે ખેતરોમાં ધામા નાખી દીધા છે. જિલ્લાના બાયડ, ધનસુરા, માલપુર, મોડાસા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ખેડબ્રહ્મા, ભિલોડા, વડાલી, ઈડર સહિતના કેટલાક વિસ્તારોમાં ખેડૂતોએ ઉનાળુ ખેતી માટે તૈયારીઓ આરંભી દીધાનું જાણવા મળેલ છે. ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોએ જણાવ્યું હતું કે કૂવામાં ઉનાળુ ખેતી માટે જરૂરી હોય તેવું સિંચાઈનું પાણી અત્યારે હાલ ઉપલબ્ધ હોવાથી ઉનાળુ ખેતીનો આરંભ કર્યો છે અને ઓછા પાણીએ પાક ઉપજ મેળવી શકાય તેવા ધાન્ય પાકોની વાવણી શરૂ કર્યાનું જણાવ્યું હતું. જિલ્લામાં ખેડૂતોએ હાલ બાજરીના પાકની વાવણીમાં મન પરોવ્યાનું જાણવા મળ્યું છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સીમેન્ટના ભાવ વધ્યા પછી માલની અછત

### સીમેન્ટનો સ્ટોક નોંધાવ્યા છતાં ગાડીઓ લોડ ન થતાં ડીલરો મુશ્કેલીમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સીમેન્ટના ભાવમાં છેલ્લા બે માસમાં રૂા.૭૦નો ભાવ વધારો ઝીંકાયા પછી સીમેન્ટ ડીલરોને નફો કમાવવાની તક મળે તે અગાઉ સર્વત્ર સીમેન્ટની અછત ઉભી થતાં સીમેન્ટ ડીલરો મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે જ્યારે સીમેન્ટ કંપનીઓમાં અગાઉથી સીમેન્ટની ગાડીઓ બુક કરાવાઈ હોવા છતાં સમયસર સીમેન્ટ મળતો ન હોવાથી જિલ્લામાં સીમેન્ટની અછત ઉભી થઈ છે અને અછત લાંબો સમય સુધી રહી તો બાંધકામના કામોને પણ અસર થવાની સંભાવના વ્યક્ત થઈ છે.

રાજ્યમાં ઈંધણમાં ભાવમાં તબક્કાવાર વધારો થયા પછી ઓવરલોડ સદંતર બંધ થઈ જતાં સીમેન્ટની ફેક્ટરીઓને મોટું નુક્સાન કરવાનો વારો આવ્યો હતો અને ગાડીઓના ભાડા પાછળ જ મોટી રકમ ખર્ચાઈ જતી હોવાથી થોડાક સમય અગાઉ સીમેન્ટ કંપનીઓના માલિકોની એક બેઠક મળી હતી જેમાં ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ વધ્યો હોવાથી સીમેન્ટના ભાવમાં વધારો કરવાનો નિર્ણય લેવાતાં સીમેન્ટના ભાવ વધારવામાં આવ્યા હતા. સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે માસમાં સીમેન્ટની ભાવમાં રૂા.૭૦ સુધીનો ભાવ વધારો ઝીંકાતાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોનું ઘરનું સ્વપ્ર રોડાઈ ગયું હતું. જો કે સીમેન્ટના ભાવ વધ્યા પછી ડીલરોને વધુ ફાયદો થવાની ધારણા વ્યક્ત થઈ હતી પરંતુ સીમેન્ટની થેલી ભાવ વધારા અગાઉ રૂા.૩૧૦માં મળતી હતી તે આજે રૂા.૩૭૦ના ભાવે પહોંચી જતાં જિલ્લાના અસંખ્ય ડીલરોએ વધુ ભાવો વધવાની ધારણા વ્યક્ત કરી સીમેન્ટની ગાડીઓ બુક કરાવી દીધી હતી. પરંતુ સીમેન્ટ કંપનીઓમાંથી સમયસર ગાડીઓ લોડ ન થવાથી જિલ્લાના ડીલરો સુધી માલ ન પહોંચતાં જિલ્લામાં સીમેન્ટની ભારે અછત ઉભી થઈ છે.

જ્યારે કેટલાક ડીલરોએ તો અગાઉથી સીમેન્ટની ગાડીઓના ડ્રાફ્ટ પણ જે તે કંપનીઓને મોકલી આપ્યા હોવા છતાં છેલ્લા ૨૦ દિવસથી સીમેન્ટની ગાડીઓ માલ ભરીને ન આવતાં ડીલરો પણ સીમેન્ટની અછતથી મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. જિલ્લામાં અગાઉના વર્ષોમાં સીમેન્ટના ભાવ વધ્યા હતા તેમ છતાં પૂરતો સ્ટોક મળતો હતો પરંતુ આ વર્ષે સીમેન્ટ કંપનીઓએ ભાવો વધારી દીધા પછી કૃત્રિમ અછત સર્જી હોય તેમ ડીલરો સુધી સીમેન્ટની ગાડીઓ ન પહોંચતાં સીમેન્ટની અછત ઉભી થઈ છે. જ્યારે આજ પ્રકારે સીમેન્ટની અછત જારી રહી તો જિલ્લામાં બાંધકામના કામોને પણ અસર થાય તેવું દેખાઈ રહ્યું છે. જિલ્લાના સીમેન્ટ વિક્રેતાઓના જણાવ્યા અનુસાર સીમેન્ટની થેલીના ભાવમાં છેલ્લા બે માસમાં રૂા.૭૦નો વધારો થયા પછી સીમેન્ટની થેલીનો ભાવ રૂા.૩૭૦ થતાં અમને વધુ નફો કમાવવા મળશે તેવું ધાર્યું હતું પરંતુ છેલ્લા કેટલાય દિવસોથી કંપનીઓમાં માલ નોંધાવ્યા છતાં સીમેન્ટનો જથ્થો સમયસર મળ્યો નથી. જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી સીમેન્ટની અછત ઉભી થતાં કેટલાક વેપારીઓ ગરજવાનોને ભાવમાં ખંખેરતા હોવાની વિગતો પણ બહાર આવી છે. સીમેન્ટના ભાવ વધારાએ ગરીબ-મધ્યમ વર્ગના પરિવારોનું ઘરનું સ્વપ્ર રોળ્યા પછી હવે સીમેન્ટ ડીલરોને પણ મોટો ઝટકો આપ્યો હોય તેમ સીમેન્ટની અછતથી અનેક ડીલરો માલ નોંધાવ્યા પછી મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે.

# અરવલ્લીના ટ્રાયબલ વિસ્તારોમાં બાગાયતી ખેતીમાં ખેડૂતોને રસ જાગ્યો

અરવલ્લી જિલ્લાના ટ્રાયબલ વિસ્તારોમાં બાગાયતી ખેતીમાં ખેડૂતોને રસ જાગ્યો છે. મેઘરજ તાલુકાના શાંતિપુરાકંપામાં છેલ્લા ઘણા સમયથી ૧૮ જાતના ફળની ખેતીમાં મહારથ હાંસલ કરનારા ખેડૂતે હવે અંજીરની ખેતીનો પ્રયોગ કર્યો છે. હિમાચલ પ્રદેશમાં અંજીરની ખેતી માટે અનુકુળ વાતાવરણ હોવાથી ત્યાંના ખેડૂતો સફળ થયા છે પરંતુ સ્થાનિક ખેડૂતે યુ-ટ્યુબ ઉપરથી ખેતીની માહિતી મેળવી ખેતરમાં અંજીરના ૩ છોડ વાવી પ્રયોગ અજમાવ્યો છે.

બાગાયતી પાકના વાવેતર માટે હવામાનની વિષમ પરિસ્થિતિ છતાં ખેડૂતો જરાય વિચલિત થયા નથી અને નવા બાગાયતી પાકમાં નસીબ અજમાવી રહ્યા છે. પરંપરાગત ખેતીમાં પાક ઉત્પાદનમાં ખેડૂતોને માત્ર નુક્સાન સહન કરવું પડતું હોય છે જેથી હવે અંતરીયાળ વિસ્તારોમાં પણ વિવિધ બાગાયતી પાકોનું વાવેતર થવા લાગ્યુંછે. મેઘરજ તાલુકાના શાંતિપુરાકંપામાં ઘણા સમયથી એપલ બોર, જામફળ, નારંગી, જાંબુ, સફરજન સહિત ૧૮ પ્રકારના ફળની ખેતી કરતા બેચરભાઈ પટેલે ફળાઉ ખેતી સાથે હવે અંજીરની ખેતી કરવા માટેનું બીડું ઝડપ્યું છે. સ્થાનિક ખેડૂત પાસે અંજીરની ખેતી બાબતે વધુ જ્ઞાન ન હોવાના કારણે યુ-ટ્યુબનો સહારો લઈ પોતાના ખેતરમાં ૩ છોડ અંજીરના વાવી પ્રયોગ શરુ કર્યો જેમાં સમયસર સિંચાઈનું પાણી તેમજ દવાના છંટકાવ સાથે યોગ્ય માવજત કરવામાં આવતાં અંજીરના છોડ ટૂંક સમયમાં જ અંજીરના ફળથી લચી ઉઠે તેવું લાગી રહ્યું છે.



### મેઘરજ છીટાદરા ગામે ઘણા વર્ષો બાદ રસ્તા માટેનું દબાણ દૂર કરાયું

મેઘરજ તાલુકાના છીટાદરા ગામે ઘણા વર્ષો પહેલા છીટાદરા ગામે ડીપ ગરનાળાથી આંગણવાડી - ૨ સુધી ગામતર જમીનમાં દબાણ કરેલ હતું જેના કારણે રહીશો તેમજ આંગણવાડીના બાળકોને જવા આવવામાં મુશ્કેલી અનુભવાતી હતી ત્યારે આ બાબતે જાગૃત નાગરિક દ્વારા રસ્તો કાઢવા તેમજ રસ્તો બનાવવા તંત્રમા વારંવાર રજુઆત કરવા છતાં નિકાલ આવતો ન હતો ત્યારે અંતે તંત્ર સફારે જાગ્યુ અને ઘણા વર્ષો બાદ રસ્તાનું દબાણ દૂર કરવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે દબાણ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી ત્યારે કોઈ ઘટના ન બને તે માટે પંચાયત દ્વારા ઈસરી પોલિસનું પ્રોટેક્ષનની માંગણી કરી પોલિસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી પંચાયત દ્વારા જે તે માપણી અધિકારી ની હાજરીમા રસ્તાની માપણી કરી શાંતિ પૂર્વક રસ્તાનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું ત્યારે રહીશો એ વર્ષો પુરાણી માંગણી સંતોષતા હાશકારો અનુભવ્યો હતો

# અસુવિધા ધરાવતી ખાનગી શાળાઓની માન્યતા રદ થશે..!!

### સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઘર અને દુકાનોમાં ચાલતી ખાનગી શાળાઓ પ્રત્યે તંત્ર લાપરવાહ : કેટલીય ફરિયાદોના ઉકેલ આજદિન સુધી આવ્યા નથી

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓ અને બાલમંદિર ઘર અને દુકાનોમાં ચાલતાં હોવા છતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કોઈ કડક પગલાં ન ભરાતાં શાળા સંચાલકોને લીલાલહેર થઈ ગઈ છે. જ્યારે ગુજરાત સરકારે આર.ટી.આઈ.-૨૦૦૯ અંતર્ગત વર્ષ-૨૦૧૩થી તમામ ખાનગી શાળાઓની ચકાસણી કરી પૂરતી સવલતો નહીં હોય તો વર્ષ-૨૦૧૪ થી તેમની માન્યતાઓ રદ કરવાનો નિર્ણય કર્યો પરંતું હજું અનેક શાળાઓ અસુવીધાથી ભરપૂર હોવાનું જાણવા મળ્યું છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ચાલતી ખાનગી શાળાઓએ પ્રાથમિક શાળાના શિક્ષણને રીતસરનું હંફાવી નાખ્યું છે. પરંતુ કોરોના પછી હવે સરકારી શાળાઓનો સુવર્ણયુગ શરૂ થયો છે પરંતુ તે હવે કેટલા સમય સુધી ચાલશે તે કહેવું ઉતાવળીયું છે. ખાનગી શાળાઓને જ્યારે માન્યતા મેળવી હોય તે સમયે દર્શાવેલા અનેક બિલ્ડીંગો અને વિસ્તાર બદલાઈ ગયા છે. જિલ્લાની કેટલીક ખાનગી શાળાઓ દુકાનો તથા ઘરમાં ચાલતી હોવાની ગંભીર ફરિયાદો ઉઠવા પામી છે. કેટલાક જાગૃત નાગરિકો દ્વારા આ અંગે તંત્ર સમક્ષ લેખિત ફરિયાદો કરાઈ હોવા છતાં તેના કોઈ ઉકેલ આજદિન સુધી આવ્યા નથી. જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ સંલગ્ન સૂત્રોનો સંપર્ક કરતાં જાણવા મળ્યું કે જિલ્લામાં ઉપર ખાનગી પ્રાથમિક શાળાઓ આવેલી છે તે પૈકી માત્ર ૫૦ પ્રાથમિક શાળાઓ ગ્રાન્ટેડ છે. જ્યારે ૩૦૨ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓ તથા અન્ય સવલતો બાબતે જે તે તાલુકાના પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા વર્ષમાં બે વાર ખાનગી શાળાઓનું નિરીક્ષણ થાય છે અને તેમના રીપોર્ટમાં કોઈપણ સ્થળે શાળાઓ-બાલ મંદિર ઘર અને દુકાનોમાં ચાલતી હોય તેવી કોઈ ફરિયાદો બહાર આવી નથી.

### સરડોઈમાં રાત્રે હડકાયા કૂતરાએ બે ને બચકાં ભર્યા

મોડાસા તાલુકાના સરડોઈમાં ગત રાત્રે હડકાયા થયેલા કૂતરાએ બે જણને બચકાં ભરી લોહી લુહાણ કરી નાખતાં ભયનો માહોલ ઉભો થયો હતો. હેડક્વાગ્રસ્ત કૂતરુ એક ફળીયાથી બીજા ફળીયાઓમાં બચકાં ભરવા માટે દોડાદોડી કરતાં નાસભાગ મચી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં રખડતાં કૂતરાઓમાં હડકવાના લક્ષણો વધ્યાં છે. મોડાસા તાલુકાના સરડોઈ ગામે છેલ્લા ઘણા સમયથી રખડતાં કૂતરાઓનો ત્રાસ અનેક ગણો વધી ગયો છે ત્યાં તા. ૧૪ની રાત્રે કૂતરૂ હડકાયું થતાં ફળીયાઓમાં બુમાબુમ મચી હતી. હડક્વાથી દોડાદોડી કરતા કૂતરાની ઝપટે કોદીબેન દલાભાઈ વણકર અને જસ્મિન સોલંકીને બચકાં ભરી લોહીલુહાણ કરી નાખ્યા હતા. બે જણાને બચકાં ભરી હડકાયું કૂતરૂ વણકરવાસથી અન્ય ફળીયાઓ તરફ દોડતાં દેકારો મચી ગયો હતો.



### ધાડ, લૂંટ અને ઘરફોડ કરતી ગેંગ જબ્બે

સાબરકાંઠા પોલીસની ઉંઘ હરામ કરનારી તસ્કર ગેંગ આખરે જબ્બે થઈ છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૧,૬૦,૮૦૦નો મુદ્દામાલ તેમજ ઝીણવટભરી તપાસ દરમ્યાન વિવિધ વિસ્તારોમાં આચરેલા ૨૫ ગુનાઓનો ભેદ ઉકલાયો છે. ઈડરમાં ૫ શખ્સો બે બાઈક ઉપર ફરી રહ્યા છે અને ચોરેલા દાગીના વેચવાની પેરવી કરતા હોવાની મળેલી બાતમીના આધારે સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચે તેમની અટકાયત કરી પૂછતાછ કરતાં પોલીસને તસ્કર ગેંગ શોધવામાં સફળતા મળી છે. તા.૧૪ના રોજ બે બાઈક ઉપર સવાર કુલ ૫ ઈસમો ઈડર-ધોંટી રોડ ઉપર ઉભા છે અને તેમની પાસે ચાંદીના છત્ર તથા ચાંદીના દાગીના છે તે વેચવા માટે ફરી રહ્યાની એલ.સી.બી.ને બાતમી મળ્યા પછી છૂપી વૉચ ગોઠવવામાં આવી હતી. બાઈકોને થોભાવી તપાસ કરતાં પોલીસની શંકા સાચી ઠરી હતી.

### મોડાસા મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ ખાતે

# ઘરેલું હિંસા અધિનિય ૨૦૦૫ અંતર્ગત કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઈ

બાયડ તા.૧૭ શ્રી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતિ કે. એ.મોદી એમ.એસ.ડબલ્યુ .કોલેજ,મોડાસા અને મહિલા અને બાળ વિભાગ અરવલ્લીના સયુંકત ઉપક્રમે ઘરેલું હિંસામાં કાયદાકીય જોગવાઈઓ વિષય પર મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર મોદીના અધ્યક્ષ સ્થાને એક દિવસીય કાર્યશાળા શિબીર યોજવામાં આવી.

આ પ્રસગે શ્રી નવીનચંદ્ર મોદીએ પ્રાસગિક પ્રવચનમાં આજની પ્રવર્તમાન સમાજમાં પ્રર્વતેલી બદીઓથી દાંપત્ય જીવન મુકત થાય અને મહિલાઓ સુખી જીવન જીવી પોતે પ્રસ્થાપિત સમાજમાં સ્વમાનભેર રીતે જીવન જીવી શકે અને અનેક વિધ ગ્રામ વિકાસ,સમાજકલ્યાણ અને સમાજ સુરક્ષાની યોજનાઓથી વાકેફ અને સરકારની કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લઈ શકે તે માટે મહિલા સશક્તિકરણ કાર્યકમનું આયોજન કરી વિદ્યાર્થીઓને અનુભવ અને જ્ઞાનનો લાભ મળે અને સમાજકાર્યમાં પ્રોત્સાહન મળે તેવી એક સરાહનીય કામગીરી છે.

પ્રાસગિક પર્વચનમાં ડૉ.ધનશ્યામભાઈ શાહ એ જણાવ્યું કે મહિલાઓ માટે ધણા બધા પ્રશ્નો આજના સમયમાં જોવા



મળી રહ્યા છે ત્યારે આ સમાજની જે દીકરીઓ બેઠી છે તેમણે ક્યારે ગર્ભ પરીક્ષણ નહિ કરાવું અને જો કોઈ કરાવતું હોય તો તેનો વિરોધ કરવા. તથા કોઈ પુરુષ ખોટું કરે તો ખુલીને વિરોધ કરવા જણાવ્યું હતું.

મહિલા અને બાળ અધિકારીશ્રી દિપેનભાઈ પંડ્યાએ જણાવ્યું કે ધરેલુ કાયદા અધિનિયમ ૨૦૦૫નો કાયદો મહિલાઓ ઉપર થતા અત્યાચાર રોકવા માટે બનાવામાં આવ્યો છે પણ મહિલાઓએ પણ આ કાયદાનો જરૂર પડે ત્યારે ઉપયોગ કરવો જોઈએ તમે અહિયાથી જે પણ માહિતી જાણીને જાવ છો તે તમારા પુરતી ના રાખતા બીજી મહિલાઓને પણ જાગૃત કરવા તથા વિભાગની વિવિધ યોજનાની વિસ્તૃત જાણકારી આપી તેનો લાભ લેવા જણાવ્યું હતું.

જીલ્લા દહેજ પ્રતિબંધકસહ રક્ષણ અધિકારીશ્રી ડૉ.નરેશ મેણાતએ જણાવ્યું કે કોઈપણ દેશ,રાજ્ય,સમાજ અને કુટુંબનો વિકાસ કરવો હોય તો તે નારી જ નક્કી કરી આપે છે કે સમાજમાં નારીનું કેટલું મહત્વ છે જો મહિલાઓ સદીઓથી પુરુષો ઉપર નિર્ભર રહી છે જયારે મહિલાઓ કોઈ ઉપર નિર્ભર હોંય ત્યારે તેમના ઉપર અત્યાચાર,શોષણની ધટનાઓ વધારે જોવા મળે છે આજે આપણે સ્ત્રી સશક્તિકરણ તરફ આગળ વધી રહી છે અને સ્ત્રીઓ આજે દેશના મહત્વના સ્થાનો ઉપર પોતાની શક્તિનો પરિચય પણ આપી રહીં છે.

લો કોલેજના વકતાશ્રી ડૉ.એ.એમ.શ્રોફ દ્વારા મહિલાઓના આપવામાં આવેલા હકો અને ધરેલું હિંસા અધિનયમ ૨૦૦૫ ના કાયદા વિશે માહિતી આપવામાં આવી ૪૯૮(અ) મુજબ કોઈપણ સ્ત્રી પોતાના ઉપર થયેલા અત્યચારની ફરિયાદ નોધાવી શકે છે સરકારને ૨૦૦૫માં મહિલાઓ ઉપરના અત્યાચારો રોકવા માટે કાયદો બનાવવામાં આવ્યો છે જેનાથી મહિલાઓ રક્ષણ મેળવી રહી છે.

કાઉન્સેલરશ્રી ચેતનાબેન ચૌધરી દ્વારા મહિલાઓને સુરક્ષાનું વચન આપતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર આવતા દરેક ફોનમાં ક્યાંકને ક્યાંક એની તકલીફ છુપાયેલી હોય છે. કોઈપણ પીડિત મહિલા સાથે થતી જાતીય હિંસા, માનસિક, આર્થિક, શારીરિક કાર્યના સ્થળે થતી જાતીય સતામણી છે. લગ્નજીવનમાં થતો વિખવાદ છે.